## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

પ્રચાર-રેલીઓમાં ફરતા નેતાઓ છે બેકાબૂ!
દબોચે ગરીબોને બેફામ કોરોના છે બેકાબૂ!
ચેપથી મરતા દર્દીઓના આંકડા છે બેકાબૂ!
બેલગામ ઘોડે બેઠેલું ગાંડુ-તંત્ર છે બેકાબૂ!

હાઈકુ

લકવાગ્રસ્ત
ચાલે અપંગ તંત્ર -
'ખાલી-જગ્યા' થી...

ચાર્જર વિના -
ચાર્જના પણ ચાર્જે -
ચાલે છે તંત્ર!
(મુખ્યમંત્રીશ્રી 'સુશાસન' ઈન્ચાર્જ)

### ચિંતન

શુચિર્દર્ભાંકુરાહારો વિદૂરભ્રમણે ક્ષમઃ ।
લુબ્ધકોદ્ગીત મોહને મૃગો મૃગયતે વધમ્ ॥

ઉપરોક્ત શ્લોક હિતોપદેશમાંથી લેવામાં આવેલ છે.

હરણ કેટલું નિર્દોષ અને ભોળું - પવિત્ર પ્રાણી છે તે લીલાછમ્મ ઘાસમાં અંકુર ખાઈને અહિંસક જીવન વ્યતીત કરે છે વળી, તેમનામાં ઝડપથી દૂર ભાગવાની પણ અસાધારણ શક્તિ છે. છતાં પણ શિકારીના મોહક ગીતમાં મોહિત થઈ સામેથી ચાલી ચલાવીને મૃત્યુનું કારણ ઊભું કરે છે.

માણસ ભણેલા-ગણેલા હોંશિયાર - સંસ્કારી અને સમજુ હોવા છતાં જીવનમાં એવી કેટલીક નબળી ક્ષણો આવી જાય છે. જે એને પારખીને પતનના માર્ગે લઈ જાય છે અને પછી જિંદગી આખી પસ્તાવો કરવો પડે છે. આ ક્ષણના મૂળમાં આસક્તિ - વાસના - માયા છે.

આમાં યુવાવસ્થા, માદક વાતાવરણ, નિકટનાં સંબંધોને કારણે કેટલીય ભોળી યુવતી જીવનની મર્યાદા ઓળંગી જતી હોય છે. એવી જ રીતે ઉશ્કેરાટની ક્ષણમાં ખૂન કે આત્મહત્યા, લાંચ રુશ્વત, ક્રોધનો આવેશ, ગાળાગાળી થઈ જતાં હોય છે. થયાં પછી એ કુટુંબ પ્રત્યે હોય, યૌવન હોય, સમૃદ્ધિ અને સાહ્યબી પ્રત્યેની હોય - આસક્તિ જ માણસને ભાન ભુલાવે છે.

### સુવિચાર

- અજીબ કિસ્સા હૈ જિંદગી કા, અજનબી હાલ પૂછ રહેં હૈં ઔર અપનોં કો ખબર તક નહીં - **રાજેશ રેડ્ડી**
- હે ઈશ્વર !! ભૂલ સુધારવા ભેજું આપજો...
  અને ભૂલ સ્વીકારવા કલેજું આપજો - **જીવન પાથેય**
- પોતાના વિશે જ્ઞાન વધારો, કામની ગુણવત્તા બદલાઈ જશે - **લૂસી ડે**
- તમારે કોઈ પણ સાથે હરિફાઈનો સામનો કરવાનો આવશે,
  તો તે તમારાં 'અજ્ઞાન' સાથે હશે - **બોબ પ્રોક્ટર**
- શ્રેષ્ઠ વિચાર એ છે જેમાં આનંદ છે, સ્પષ્ટ શબ્દો છે એ જેમાં સત્ય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જયારે પાછા ફરી શકાય તેમ નથી હોતું,
  ત્યારે આગળ કઈ રીતે જઈ શકાય એની ચિંતા કરવી જોઈએ - **પોલો કાહેલો**
- આજનું ઔષધ : અડધા ગ્લાસમાં એક ચમચી હળદર, એક ચમચી તજ - પાઉડર, એચ ચમચી મરી પાઉડર નાખી તેને સરખું ઉકાળી સવાર-સાંજ પચાસ - મિલિ જેટલું પીવાથી સૂકી ખાંશી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આપણી જિંદગીમાં કાલ્પનિક સુખો અને દુ:ખોને લઈને આપણે આપણા વર્તમાન પણ બગાડીએ છીએ. એક સવારે પટેલે પટલાણીને કહ્યું, 'આપણે એક ભેંસ લેવી. અને ઘરનાં દહી છાશ અને ઘી મળશે. ઘીના લાડવા મજા લેવી અને છાશ વધશે તો અડોશ-પડોશમાં પણ વહેંચી આનંદ કરીશું.' પટલાણી બોલ્યા, 'છાસ તો હું મારા પિયરિયાને આપીશ. ગામમાં જ રહરે છે. મારા મા-બાપને ભેંસ નો ફાયદો થવો જોઈએ' પટેલ બોલ્યા, 'તો પછી મારા નાનાભાઈને પણ છાશનો લાભ મળવો જોઈએ અને એમ કરતાં વધશે તો તમારા પિયર પણ મોકલાવીશું.' આમ ધણી - ધણીયાણી વચ્ચે છાશ કોને મોકલવી એ બાબતે ઝઘડો શરૂ થયો. પટેલ ગુસ્સામાં લાકડી છૂટ્ટી ફેંકી સામે પટલાણીએ વેલણ ફેંક્યું. બુમાબુમ થઈ ગઈ અને પડોશમાંથી માજી સમાધાન કરાવવા આવ્યા. એમણે પટેલ-પટલાણીને ઉદ્દેશીને કહ્યું, 'અરે ભાઈ, ભેંસ ભાગોળે, ને છાશ છાગોળે અને ઘરમાં અમથી ધમાધમ. તમને ખબર છે. આ તમારી ભેંસ આપણી ગલીમાં દોડીને આવી અને હું બરણીમાં છાશ લઈને જતી હતી અને એ બરણી ઢોળાઈ ગઈ. લાવો મને મારી છાશ આપો.' પટેલ બોલ્યા, 'અરે માજી, પણ હજી મેં હજી ભેંસ કયાં લીધી છે કે તમારી છાશ ઢોળાય.' તરત પટેલ પટલાણીને વાસ્તવિકતાનું ભાન થયું અને માફી માંગી.

# મહારાષ્ટ્રના માથે પનોતીના પડછાયા

### તંત્રીસ્થાનેથી...

દેશના સૌથી સમૃદ્ધ રાજય તરીકેની પ્રતિષ્ઠા ધરાવતા મહારાષ્ટ્ર પર કોરોનાએ ઘેરો ઘાલ્યો છે. દિવસે દિવસે સંકટ વધુ ને વધુ ઘેરું બનતું જાય છે. દેશનું એક રાજય હોવા છતાં એ દુનિયાનું કોરોના હોટસ્પોટ બની રહ્યું છે. કોરોનાગ્રસ્ત રાષ્ટ્રોની પહેલી પંગતમાં ભારત તો છે જ; પણ મહારાષ્ટ્ર જાણે બીજાં રાષ્ટ્રો સાથે કોરોના રેસમાં ઊતર્યું હોય એમ દેશનાં તમામ રાજયોના કુલ કેસ કરતાં વધારે કેસ ધરાવતું રાજય બની ગયું છે સુરતમાં કોવિડ હોસ્પિટલોના ખાટલા ખૂટી પડ્યા છે અને તંત્ર યુક્તિપૂર્વક ઓછો મરણાંક બતાવતું હોવા છતાં સ્મશાનોમાં કોવિડ ગાઈડલાઈન્સ મુજબ અગ્નિદાહ અપાવવા મૃતકોના સગા કલાકો સુધી મૃતદેહો સાચવીને બેસી રહે છે. સુરતમાં સંક્રમણ વધી ગયું એનું પણ મહત્ત્વનું કારણ મહારાષ્ટ્રથી પ્રવેશતા પોઝિટિવ કેસો છે. ગુજરાત સરકારે સરહદો પણ આરટીપીસીઆર ફરજિયાત કરવાનું ફરમાન અમલમાં છે ખરું, પણ સુરત શહેરમાં તો આડા અવળા ગમે તે રસ્તે પહોંચી શકાય છે. વળી મુંબઈ પછી શ્રેષ્ઠ તબીબી સેવાઓ સુરત ખાતે મળતી હોઈ શરુથી જ જલગાંવ-નંદુરબાર કે નાશિક તરફના દરદી તો સુરતમાં જ ઠલવાતા રહ્યા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પણ ભારે મૂંઝારો અનુભવી રહ્યા છે. અનેક શહેરોમાં આંશિક લોકડાઉન અને રાત્રી કર્ફ્યુ લાદવો પડ્ય છે અને છતાં કોરોનાનો ઉધમાત અટક્યો નથી. બીજી તરફ એમની સામે ઘણા લાંબા વખતથી - કહો કે એમને મુખ્યમંત્રી પદ સંભાળ્યું તે ક્ષણથી જ કેન્દ્રની લાલ આંખ રહ્યા કરી છે. આમ જુઓ તો પ્રશ્ન સ્વમાનનો હતો. બાળાસાહેબ ઠાકરેનું લોહી કયારેય સ્વમાન સાથે સમાધાન ન જ કરે. શરદ પવાર જેવા મુત્સદીનું પીઠબળ મળતાં 'મરાઠી માણૂસ' ની અસ્મિતા હાવી થઈ ગઈ અને ગુજરાતી વડાપ્રધાન વિરુદધ સામી છાતીએ ટક્કર લેવા ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને શરદરાવની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીએ કોંગ્રેસનો ટેકો લઈ મોરચો માંડ્યો છે. એમની યુતિને તોડવા કેન્દ્ર અને કેન્દ્રના પ્રતિનિધિ સમા રાજયપાલે આકાશપાતાળ એક કર્યા, છતાં હજી સુધી એ યુનિને ઊની આંછ નથી આવી. અલબત્ત, છેલ્લે ભ્રષ્ટ ગૃહમંત્રી સામે થયેલ આક્ષેપો પછી ઘણું સખળડખળ થયું છે. છતાં બ્રીચ કેન્ડીમાં ગોલબ્લેડરનું ઓપરેશન કરાવવા દાખલ થયેલા શરદ પવારનાં રખોપાં છે ત્યાં સુધી ઉદ્ધવ ઠાકરેની ખુરશી સલામત જ લાગે છે. અલબત્ત એના પાયા હચમચાવવામાં કંગના રણૌત જેવી અભિનેત્રીથી લઈ મુંબઈ પોલીસના પૂર્વ કમિશનર પરમવીર સિંહ સુધીનાં તત્ત્વોએ આકાશપાતાળ એક જરૂર કરી મૂક્યાં છે. મહારાષ્ટ્રમાં રાજયપાલ ભગતસિંહ કોશિયારી પણ કેન્દ્રના ઈશારે ભ્રષ્ટ રાજય સરકારને કોઈ પણ ક્ષણે ઊંધા માથે પકડવા તૈયાર જ બેઠા છે. જો કે શિવસેનાની 'ઉપદ્રવક્ષમતા'થી કેન્દ્ર વાકેફ છે, એટલે એવું ઉતાવળિયું પગલું આજ લગી કેન્દ્ર ભરી શકેલ નથી. પરંતુ પરમવીરસિંહે રાજયના ગૃહમંત્રી પણ જે બેફામ આરોપ લગાવીને સુપ્રીમના દરવાજા ખખડાવ્યા છે એ પછી રાજય સરકાર માટે એના ગૃહમંત્રીને બચાવવાનું અઘરું જ બની ગયું હતું. એન્ટિલિયા કેસના મુખ્ય આરોપી સચીન વઝે જેવા જુનિયર પોલીસ અધિકારીને ગૃહમંત્રી દેશમુખે મહિને ૧૦૦ કરોડની વસૂલી કરવાનો આદેશ આપ્યો હોવાની ફરિયાદની તપાસ સીબીઆઈને સોંપવાનો મુંબઈ હાઈકોર્ટે હુકમ કર્યો છે. શરદ પવારની પાર્ટીના કવોટામાં આવતું રાજયનું ગૃહમંત્રી પદ અન્ય ધારાસભ્યનો સોંપાશે અને દેશમુખે રાજીનામું આપવું જ પડશે એવી આગાહી આખરે સાચી પડી છે. ઉદ્ધવ ઠાકરે કે પવાર દેશમુખને બચાવી શક્યા નથી. જો ૧૦૦ કરોડની વસૂલી વાળા આક્ષેપમાં સીબીઆઈને તથ્ય વરતાશે તો દેશમુખની તો દુર્દશા થશે જ; સાથે ઉદ્ધવ ઠાકરે અને પવાર માટે પણ ભારે નીચાજોણું થશે તે નક્કી છે.

# પછી આપણે... કહેતાં રમલી ઢળી પડી, સોમલાની આંખો સામે પર અંધારા આવી ગયાં

### નવાં કલેવર

નટવર હેડાઉ

'માડી ભૂખ લાગી છે ખાવાનું કંઈ બનાવજો...' નાનો બચુડો બોલ્યો. તેની માં ઝૂંપડામાં ખાંખા ખોળા કરવા લાગી. પણ કંઈ હાથ લાગ્યું નહીં. નાનકી પાણીનો ઘડો ભરીને આવી. તેમાંથી પવાલું ભરી બચુડાને આપતાં બોલી 'ભઈલુ, થોડું પાણી પી લે. જો બાપુ સીવીલ હોસ્પિટલના રસ્તા બાજુ જ તાકીને સવારમાં બેઠા છે. કોઈ ઘરાક આવે તો... 'હાં... હાં... તારો બાપ સવારનો વાટ જૂએ છે... પમ કોઈ મરે તો....' 'રાંડ, શું બોલે છે આપણો પેટનો ખાડો પુરવા આપણે કોઈ મરી જાય એની રાહ જોવાની....' સોમલો રાતોપીળો થતાં બોલ્યો. 'પણ ઈમા મને શું કામ ભાંડો છો. તમે ય બગલાની જેમ સવારના સીવીલ બાજુની સડક ને તાચીને બેઠા છો.' રમણી મોઢું કટાણું કરતાં બોલી.

આ સંવાદ ચાલતો હતો એ જગ્યા તો કદાચ તમે પણ જોઈ હશે. તેના પર તમારી પણ નજર પડી હશે. સીવીલ હોસ્પિટલથી અસારવા બ્રીજ પસાર કરો એટલે બીજે છેડે સાજખાંપણ અને વાંસની બનાવેલ અર્થી (ઠાઠડી) નજરે ન પડી હોય એવું તો બને જ કેમ ? આજે ટ્રાફિક કંઈક ઓછો હતો. થોડી થોડી વારે ચીસો પાડતી એમ્બ્યુલન્સો હોસ્પિટલ તરફ ભાગતી જતી દેખાતી હતી. તો સામેથી થોડી થોડી વારે શબવાહિનીઓ પસાર થતી દેખાતી હતી.

'આટલાં બધા લોક મરે છે પણ આપણી પાસે આ સામાન લોવા કોઈ આવતું નથી એવું કેમ ?' રમલીને પ્રશ્ન થયો. તેની વાત પામી જતાં સોમલો બોલ્યો. 'બળ્યો આ રોગ જ એવો આવ્યો છે. એમાં આપણાં તો ધંધા ઠપ્પ થઈ જયો સે. પણ એવું સાંભળવામાં આવ્યું છે કે હવે આ ધંધામાં મોટી મોટી મલ્ટીનેશનલ કંપનીઓ આવી ગઈ છે.'

'શું વાત કરો રો, મને તો બળ્યું મોનવામાં જ નથી આવતું, એવું તે કંઈ હોય ?' રમલી આશ્ચર્યથી બોલી.

'હા, માં એવું જ છે. હું પાણી ભરવા જયેલી ત્યાં લોકો વાતો કરતા'તા કે કોરોનાની આ બિમારીમાં મરી જનાર ને પ્લાસ્ટિકના ખાંપણમાં પેક કરીને લઈ જાય છે. એ વિદેશી કંપનીઓ મોટા પ્રમાણમાં બનાવવા લાગી છે કેમ કે પરદેશોમાં તો રોજ લાખો માણસો મરવા લાગ્યા છે.'

'કદાચ, એવું જ હશે. આપણે ત્યાં પહેલાં લોકો બ્રાન્ડેડ સુઝ, ચશ્મા અને કપડાં પહેરીને વટ મારતા હવે મારું બેટું બ્રાન્ડેડ ખાંપણ અને કફન આવી ગયા. સોમલો વિચાર કરતો હતો. ત્યાં એક રીક્ષા આવીને ઊભી રહી. તેમાંથી બે યુવાન ઉતર્યા.'

'ભાઈ, ચાર સેટ તૈયાર કરી આપો લ્યો આ પૈસા.' એક યુવાન બોલ્યો. રમતી ઉત્સાહમાં આળી ગઈ કેટલા પુરુષ ને કેટલી બૈરીઓ....

'કેમ?' બીજા યુવાને પ્રશ્ન પૂછ્યો.

'એ તો બંનેમાં સામાન જુદો આવે એટલે પૂછ્યું.' રમલીએ ચોખવટ કરી.

'બે સ્ત્રીઓ અને બે પુરુષો' રીક્ષામાં બેઠેલ ત્રીજા પુરુષે આંખ લૂંછતા કહ્યું. સોમલો અને રમલી બધો સામાન ભેગો કરવા લાગ્યા. પુરુષની અર્થી સાથે દાણી, સફેદ ખાંપણ, નાડાછડી, નારીયેળ એવું બધું મુકાયું હતું. તો સ્ત્રી માટે જો સુહાગણ હોય તો બંગડી, ચાલ્લાં, કંકુની ડબ્બી, ચુંદડી અને લાલ રંગનું ખાંપણ તેમજ બાકીની બધી જરૂરી ચીજો તો ખરી જ. પેલા યુવાનો જરૂરી ચીજો લઈને ગયા. ત્યાં બીજી એક કાર આવીને ઊભી રહી તેમાંથી ઉતરી બે આધેડ ઉંમરના પુરુષોએ એક સ્ત્રી અને બે પુરુષો માટેનો સામાન માંગ્યો. દિવસભર આ સીલસીલો ચાલતો રહ્યો. છોકરાંઓ બંને પાણી પીને સૂઈ ગયા હતા. રમલી અને સોમલાએ તો સવારથી પાણી પણ પીધું નહોતું. ટેમ જ નોંતો મળ્યો. તે દરમિયાન ટેમ્પો લઈને સાત આઠ ભાણસો આવ્યા. આઠ જણ માટેનો સામાન જોઈએ છે?

સોમલાએ તેની ઝુંપડી જેવી દુકાનમાં નજર કરી. પછી કહ્યું, 'આટલો બધો સામાન તો નથી.'

'આટલામાં બીજી કોઈ દુકાન...'

'ચાર પાંચ હતી, લોકડાઉનમાં બધા જતા રહ્યા.' સોમલો બોલ્યો.

'તો જે છે એ આપી દો' એક જણે કહ્યું.

રમલીએ સોમલાનો હાથ પકડી લીધો. ના.... ના... હવે આ ન આપશો, એક પુરુષ ને એક સ્ત્રીનો જ સામાન બચ્યો છે. પછી આપણે... કહેતાં રમલી ઢળી પડી. સોમલાની આંખો સામે પર અંધારા આવી ગયાં.

ટેમ્પાંવાળા માણસો કંઈ પણ બોલ્યા વિના આગળ વધી ગયા...

# એમને નહીં ગમે, ન ગમતું એ વ્યક્ત પણ નહીં કરે

### આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

વિખ્યાત સાહિત્યકાર શ્રી ધ્રુવ ભટ્ટની એક પ્રખ્યાત નવલકથા 'તત્વમસિ'. આ નવલકથા ઉપરથી નવલકથા જેવી જ 'રેવા' નામની એક સાર્થક અને સફળ ગુજરાતી ફિલ્મ પણ બની ચૂકી છે. આ નવલકથામાં કથાનો નાયક પોતાના બાલપણના કેટલાક સ્મરણો યાદ કરતાં પોતાની નાનીમા વિશે લખે છે. પોતાના નાનીમાને પોતાના કુટુંબીજનોના કેટલાક પ્રકારના વર્તન અને વ્યવહાર ન ગમતાં છતાં તેઓ સૌ કુટુંબીજનો પ્રત્યે જે રીતે પોતાનો સ્નેહ અને પ્રેમ વ્યકત કરતાં તેના વિશે કથા નાયક કઈક આવું લખે છે;

'બાને નહીં ગમે'. શાંતામામી જાણે મને સમજાવતા હોય તેમ કહેતાં. 'ભાણભાઈ ઉઠો, સુરજ ઊગી જશે તો....લ્ર કે 'તમારા જેવડા છોકરાઓ તો ત્રણ રોટલા તો ખાવા જ જોઈએ. ભૂખ્યા રહેશો તો.....' આ દરેક 'તોલ્ર ની પાછળનું વાક્ય મામી કહેતા ન હોત તો પણ અમે બધા સમજી શક્યા હોત ' .....બાને નહિ ગમે.'

મને બરાબર યાદ છે કે હું નાનીમાને ત્યાં પહોચ્યો તેના બીજા જ દિવસે સવારે મારા નહાવા માટે ફળિયામાં ડોલ મુકાઈ. મેં જરા આનાકાની કરી તો મામી કહે 'આપણે ત્યાં નાયા વિના ચા-દૂધ પીવતાં નથી. નાઈ લ્યો જોઉં, નીકર બાને નંઈ ગમે.'

આમાં સહુથી નવાઈ ભરી વાત તો એ હતો કે બા, એટલે કે મારાં નાનીમાં તો ક્યારેય પોતાને નથી ગમતું એમ કહેતા જ નહિ. ન ક્યારેય કોઈને વઢે, ન કશું કરતાં રોકે. આમ છતાં જેણે પણ કોઈ ભૂલ કરી હોય તેને ખાતરીથી સમજાઈ જતું કે આવું બાને ગમ્યું નહિ હોય, બાને ન ગમે એવું કોઈ કરતું નહિ.

શ્રી ધ્રુવ ભટ્ટે વડીલો અને યુવાનોના સંબંધો વિશેના એક મહત્વના આયામ વિશે આમ સરસ વાત કરી છે. આપણાં સૌના કુટુંબમાં પણ આવું બનતું જ રહેતું હોય છે . આપણાં વડીલોને ઘણું બધુ નથી ગમતું હોતું. આપણાં વડીલો એટલે દાદા-દાદી, મા-બાપ, સાસુ-સસરા, નાના-નાની, મોટાભાઈ-ભાભી, મોટી બહેન કે ફાઈબા, આપણાં શિક્ષકો, સિનિયર સહકર્મચારીઓ કે વડીલ મિત્રો. આમાંનાં કેટલાક વડીલો સાથે આપણે કાયમ ન રહેતા નથી હોતાં. આપણે કદાચ વિભકત કુટુંબમાં રહેતા હોઈએ એટલે એ વડીલો સાથે રહેવાનુ ઓછું બનતું હોય. આમ છતાં પ્રસંગોપાત તેઓની સાથે રહેવાનુ બનતું હોય છે અને તેઓને પેલા નાનીમાની જેમ આપણાં કેટલાક પ્રકારના વ્યવહાર અને વર્તન ગમતાં નથી હોતાં.

આપણાં વડીલોને ક્યારેક આપણી મોડા ઉઠવાની ટેવ નથી ગમતી હોતી તો કેટલાક વડીલોને આપણી રાત્રે મોડા સુવાની ટેવ નથી ગમતી હોતી. કેટલાક વડીલોને આપણી અન્ય કેટલીક ટેવો, આદતો કે વ્યસનો પસંદ નથી હોતાં. કેટલાક વડીલોને આપણી કેટલીક સંગતો કે સોબતોની સૂગ હોય છે. કેટલાક વડીલોને આપણાં વસ્ત્રપરિધાન પસંદ નથી હોતાં તો કેટલાકને આપણે જે રીતે સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ કરીએ છીએ એ પસંદ નથી હોતું. કેટલાક વડીલોને આપણી જીવન જીવવાની પદ્ધતિ કે જીવનશૈલી અનુકૂળ નથી હોતી.

આપણાં જે કોઈ વડીલોને કંઈ ને કંઈ નથી ગમતું હોતું એ વડીલોને આપણે ઘણીવાર રૂઢીવાદી, પરંપરાવાદી, જૂની જીવનશૈલી જીવનારા કે જડ માનસ ધરાવનારા વડીલો તરીકે નવાજતા હોઈએ છીએ. આપણાં પોતાના વડીલોને આપણી કેટલીક આદતો અને જીવનશૈલી નથી ગમતી હોતી તેની સામે આપણે ઘણીવાર આપણો અણગમો અને આક્રોશ વ્યકત કરતાં રહેતા હોઈએ છીએ. આમ વડીલોનો આપણી આદતો અને જીવનશૈલી પ્રત્યેનો અણગમો અને વડીલોના એ અણગમા પ્રત્યેનો આપણો અણગમો બન્ને સામસામે આવે છે ત્યારે બે પેઢીઓ વચ્ચેનું અંતર વધે છે અને તેમાંથી બે પેઢીઓ વચ્ચે ક્યારેક સંઘર્ષ પેદા થતો હોય છે.

એવું કહેવાય છે કે આપણાં કરતાં આપણાં વડીલોએ પોતાનાં જીવન દરમ્યાન વધારે દિવાળીઓ જોઈ હોય છે. આપણે એવું પણ કહી શકીએ કે આપણાં વડીલોએ હોળીઓ પણ વધારે ઉજવી હોય છે. તેમની પાસે કદાચ આપણાં જેટલું જ્ઞાન કે ભણતર ન હોય એ સ્વભાવિક છે પણ એ વાત તો ચોક્કસ છે કે તેઓમાં નીર-ક્ષીર નું વિવેકભાન હોય છે. તેઓ સારું શું અને નરસું શું તેનો ભેદ સહેલાઈથી પારખી શકતા હોય છે. આ પ્રકારની સમજણ, અનુભવ, ગણતર અને વિવેકભાનને કારણે જ તેઓ આપણી આદતો, ટેવો, વ્યસનો, સંગતો, સોબતો અને જીવનશૈલી વિશે ટકોર કરતાં રહેતા હોય છે. તેમને આપણી ખોટી જીવનશૈલીમાં લાંબા ગાળાના કાયમી નુકશાનો નરી આંખે દેખાતાં હોય છે.

કેટલાક વડીલોને ધણીવાર આપણો સ્વકેન્દ્રી અભિગમ પસંદ નથી હોતો. કેટલાક વડીલોને આપણાં નિરાશાવાદી વલણ પ્રત્યે અણગમો થતો હોય છે અને તેને કારણે તેઓને આપણી દયા પણ આવતી હોય છે. આપણું બેજવાબદારી ભર્યું વર્તન જોઈને તેઓને પોતે કઈ રીતે જવાબદારી ભર્યું વર્તન કરતાં હતા તેના દાખલાઓ આપતા હોય છે. આપણી અપ્રમાણિકતા જોઈને તેઓનાં હૃદયમાંથી ક્યારેક વેદનાની એક ટીસ નીકળી જતી હોય છે તેને કારણે આપણને તેઓ યુવાનોને ટોકવા અને રોકવા માટે મજબૂર થઈ જતાં હોય છે. આમ વડીલોને આપણાં વર્તન અને વ્યવહાર ન ગમવાના તેઓની પાસે ધણા ઠોસ અને વાજબી કારણો હોય છે.

(ક્રમશ)

# 'હેપ્પીનેસ' - મતલબ ખુશી બાબતે ભારત વધુ અનહેપ્પી શા માટે?

### જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ભગવાને આ વિશ્વની રચના કરી તેમાં સજીવો મૂક્યા. ભૂમિ-જળ-વાયુ-જંગલો-પર્વતો વગેરેનું ભરતગૂંથણ કર્યું અને જીવ ને માયા મોહ-મમતા અર્થાત્ ભાવનાત્મક ગુણોનું પ્રદાન કર્યું અને આ પૂરી પ્રક્રિયામાં દરેક સજીવ ઉત્પત્તિથી અંત સુધી ગળાડૂબ જ રહ્યા કરે છે અને તેની અનુભૂતિ મુખ્યત્વે બે ભાગમાં વહેંચાઈ હોય તેવું લાગે છે. જેમાં સુખ અને બીજું દુ:ખ છે! સુખ એ મુખ્ય રાજમાર્ગ છે પરંતુ તેમાં નાની નાની ખુશીઓના માર્ગ જોડાતા જ રહે છે. જો ત્યાં કોઈ રસ્તા મળતા જ નથી તો સુખનો હાઈવે પણ ભારરુપ લાગવા માંડે છે. મનને ગમતી પરિસ્થિતિ એ ખુશી ઉત્પન્ન કરે છે. તેનાથી વિરુદ્ધની સ્થિતિ જો હોય તો ગમે - કે અજંપો - યા ગ્લાનિ પેદા થતી હોય છે. સુખ-દુ:ખના ખ્યાલો પણ સાપેક્ષ જ હોય છે, જેવું પાપ-પુણ્ય માટેનું ગણિત વ્યાપક રીતે જોવા મળે છે. ગમે તે સ્થિતિમાં જીવનને જે ખૂબ પ્રેમ પુષ્ટ કરે, બળ પ્રદાન કરે તે હોય છે ખુશીઓ (મોમેન્ટ્સ ઓફ હેપ્પીનેસ). ખુશીઓની ખાસિયત એ જોવા મળે છે કે ત્યાં નાની નાની કાળજી જે લેવાય અને સંતોષની માત્રા અનુભવાય એ જ હેપ્પીનેસ પેદા કરે છે. કહેવાય છે કે સુખી થવા આખી - આંતરરાષ્ટ્રીય દિનોની ઊજવણી થઈ રહી છે જેમાં ૨૦મી માર્ચ ને વર્લ્ડ હેપ્પીનેસ ડે તરીકે ઊજવવામાં આવે છે જે છેલ્લા બાર વર્ષથી ઉજવાય છે આ કામ કરનાર સંસ્થા દુનિયાના મોટા ભાગના નાના-મોટા રાષ્ટ્રોની અંદર સર્વેક્ષણ કરે છે. છેલ્લા સર્વેમાં ૧૪૯ દેશોનો આ સર્વેમાં સમાવેશ થયો જેમાં ભારતનો નંબર ૧૩૯મો જોવા મળ્યો. ખુશીઓની મહત્તમ પ્રાપ્તિની બાબતો પ્રથમ ફિનલેન્ડ રાષ્ટ્ર જોવા મળ્યું. યુરોપના આઠ જેટલા દેશો પ્રથમ દસમાં આવ્યાનું પણ જોઈ શકાય છે. અમેરિકા તથા કેનેડા અનુક્રમે ૧૪મા અને ૧૫માં સ્થાને છે. પાકિસ્તાન ભારત કરતા સારા સ્થાને જોવા મળ્યું !! ભારત અતિ વિશાળ દેશ હોવાથી તુલના જોવામાં પણ એ ધ્યાનમાં રાખવું પડે કે આપણે વસ્તીમાં તથા વિસ્તારમાં




ઘણા વ્યાપક છીએ અને વિવિધતામાંથી વિષની જગ્યાએ અમૃતની સરવાણી વહે તેવા પ્રયાસ કરતા રહ્યા છીએ. પ્રશ્ન મુખ્ય ચિંતનનો એ છે કે ભારતની પ્રજા નારાજ વધુ શા માટે જોવા મળે છે - વાય અનહેપ્પી ? હેપ્પીનેસ ઈન્ડેક્સના કેટલાક માપદંડો નક્કી કરવામાં આવ્યા છે તે મુજબ પ્રશ્નોત્તરી કરી સ્થિતિનો અભ્યાસ થાય છે તો આ માપદંડોમાં આર્થિક સ્થિરતા - આવક, આહાર, સેનિટેશન, હેલ્થકેર, કાનૂનની અસરકારકતા અર્થાત્ સુરક્ષા, વૃદ્ધાવસ્થા માટેની સ્થિતિ, કૂપોષણ, પેયજળ પ્રબંધન, ગુડ એજ્યુકેશન તથા ગુડ ગર્નનન્સ, રોજગારી માટે આયોજનક્રમ અને પાલન કૃષિ તથા ગ્રામ્ય વિકાસ ઈત્યાદિ ! હવે ભારતની જ વાત કરીએ તો આપણે આર્થિક મોરચે કોરોના બાદ હેરાન-પરેશાન છીએ ! રોજગાર-ધંધા બંધ રાખવાના થાય ત્યાં ખુશી પ્રગટે શી રીતે? લોકડાઉનથી વાસ્તવમાં અર્થતંત્રો વિશ્વમાં તબાહ થઈ ગયા છે અને ભારતમાં લોકો કમાઈ જે થાય તેમાંથી કશું જ બચાવી શકતા નથી એટલે હદે વ્યાપક ખર્ચા થઈ રહ્યા છે. કોને અગ્રતા આવા કપરાકાળમાં આપવી જોઈએ એ અંગે કોઈ જ ચિંતન - મનન નથી બસ ભારતને આત્મનિર્ભર કરી જ દેવાની ધગશથી કામ થઈ રહ્યા છે અને ઈલેકશનોનો જ દેશ બની ગયો છે પછી કયાં ખુશી કે કયાં ગમ ?? બધી જ ખુશીઓનું મૂળ છે અર્થ ઉપાર્જન અને સફળ જોબ કે ધંધો - આ જ ક્ષેત્રમાં મહામારીએ જનજીવનને રડતું કર્યું છે લોકો પણ ડિપ્રેશનનો શિકાર થઈ રહ્યા છે જેનાથી ખુશીઓ ઘટી છે મંદીવાળું અર્થતંત્ર, ખાનગીકરણ ને વધુ ને વધુ મહત્ત્વ મળતું જાય છે અને ખબર નથી કે આ સફર કયાં જઈને શું આપશે ? આત્મનિર્ભરનું ભાવિ ઉજજવળ રહે તો પણ પ્રજા ખુશી થવાની રાહ અવશ્ય જોશે કેમ કે અંતે તો ખુશી જ જીવન રક્ષક સત્વ અને તત્ત્વ છે!

કોઈ ચલણી નોટ જેવી જિંદગી જીવી ગયો
હું બધાના હાથમાં ફરતા હવે ફાટી ગયો

ભારત દેશ વાસ્તવમાં મહાન છે કારણ કે ભારતનો એક અમૂલ્ય ઐતિહાસિક વારસો છે જયાં ખુશી તો મળતી જ રહે છતાં ત્યાં ત્યાગીનો ભોગવવાની ફિલસુફી વર્ષોથી આપણી અંદર વસેલી છે. ખુશી થવી કે ખુશ રહેવું એ તદ્દન સહજ જયારે બને ત્યારે સુખ છૂપા પગલે ઘરમાં વિરાજમાન ઈષ્ટદેવતાના મંદિર સુધી પહોંચી જાય છે અને તેને ઘરાયેલી પ્રસાદીમંથી ઘરમાં બધાને આનંદ બનીને મળે જ છે એટલા માટે તો ગુજરાતમાં આનંદનો ગરબો રાખવામાં આવે છે - આ પણ ખુશીની પ્રસાદી આપે છે. જીવનમાં ગુણવત્તા, સત્યનિષ્ઠા, સત્કર્મ અને ન્યાયપ્રિયતા ને પ્રાધાન્ય મળે તો હેપ્પીનેસ અવશ્ય પેદા થાય જ એ હકીકત છે. સ્વાર્થથી જ બધુ ચાલે તો એક દિવસ જનજીવન નર્કાગારનું મુખ્ય બિન્દુ હશે !! ઈમ્યુનિટી વૃદ્ધિ કરવા કારણ વિના પણ ખુશ રહેતા શીખો તો ઈશ્વરનું હેત પણ વધારામાં વળશે.

**શેર આસ્વાદ :**

અહીં પ્રત્યેક ક્ષણ કર્મથી ઢળી છે
જિંદગી એટલે બહુ જ ફળદાયી છે